ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ચંદ્રકુંવરબા ઝાલા
મો. ૯૧૭૩૫ ૦૧૧૯૯



રઘુવીરસિંહ ઝાલા
મો. ૭૦૪૧૩ ૪૮૪૪૯



હાર્દિક એમ દવે
મો. ૭૬૯૮૫ ૩૩૦૪૪



રિતેષ સી રાવત
મો. ૯૯૯૮૬ ૫૩૯૧૬



તેજસ્વી કનૈયાલાલ નાયી
મો. ૯૯૭૪૬ ૩૯૧૯૧



કેલોરેક્સ પ્રિ સ્કૂલ, સેક્ટર-૮ ખાતે જન્માષ્ટમીની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે 'રાધા-કૃષ્ણ' વિષયે વેશભૂષા સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેના વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતે આરતી અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું.

## આજે શ્રી જલારામ મંદિર, સેં ૨૯ ખાતે રાસ-ગરબા અને મટકીફોડનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

જન્માષ્ટમી પર્વ નિમિત્તે ગુરુવારે શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે લોહાણા યુવા સંગઠન દ્વારા રાસ-ગરબા અનો મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૧૨ કલાકે નિજ મંદિરમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે અને ભક્તોને આરતી-દર્શનનો લાભ પણ મળશે. સૌ ભાવિકોને આ પ્રસંગે પધારવા યુવા સંગઠન તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.



## સ્કૂલ ઓફ એચિવર કુડાસણમાં જન્માષ્ટમીની ઉજવણી

ભારતીય સંસ્કૃતિનો સૌથી લોકપ્રિય તહેવાર શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઠેર ઠેર ઉજવવામાં આવે છે. જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે કુડાસણની સ્કૂલ ઓફ એચિવરમાં અંતિમ ત્રણ તાસ દરમિયાન ગુજરાતી-અંગ્રેજી માધ્યમની સહીયારી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રી કૃષ્ણજીવન લીલા ઝાંખીના ભાવવિભોર કરતા દશ્યો ઉભા થતા ખેલંદાઓ અને પ્રેક્ષકો સૌ ઝૂમી ઉઠયા હતા તેમજ આ કાર્યક્રમમાં ગોપીનૃત્ય, રાસલીલા અને મહી-મટકી-ભજન વિદ્યાર્થીઓએ ખૂબ માણ્યા હતા.

## સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી



ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર ખાતે જન્માષ્ટમી પર્વના ઉપલક્ષ્યમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં બાળકો દ્વારા શ્રીકૃષ્ણની બાળલીલા અને નૃત્યગાન, પિરામીડની રચના, મટકીફોડનો કાર્યક્રમ ભારે ભક્તિભાવપૂર્વક આનંદોલ્લાસભર્યા વાતાવરણમાં યોજાયો હતો. કેજીનાં નાનાં ભૂલકાં રાધા-કૃષ્ણની વેશભૂષામાં શોભી રહ્યાં હતાં. કૃષ્ણ આરતી-પૂજા અને આરાધના સાથે રાસ-ગરબાની રમઝટ વિદ્યાર્થીઓ અને શાળા પરિવારે માણી હતી.

### કવિશ્રી કનૈયાલાલ ભટ્ટ વિરચિત ચોથા કાવ્યગ્રંથ

## "મંત્રોચ્ચાર"નું ચિનુ મોદીના હસ્તે લોકાર્પણ



ગાંધીનગર, તા. ૨૪

રવિશંકર રાવળ કલાભવન - અમદાવાદમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટના ચોથા કાવ્ય સંગ્રહનો લોકાર્પણ વિધિ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને કવિ ભાગ્યેશ જહાના અધ્યક્ષ સ્થાને અને ગુજરાતી ભાષાના જાણીતા કવિશ્રી ચિનુ મોદીના વરદ હસ્તે યોજાયો. જેમાં અતિથિ વિશેષ તરીકે જાણીતા કવિ રાજેન્દ્ર શુકલ અને માધવ રામાનુજ ઉપસ્થિત રહ્યા. આરંભે પ્રાર્થના અભિનેત્રી નિધિ ઉપાધ્યાયે કરી. ભૂમિકા તથા શાબ્દિક સ્વાગત કરતા ડૉ. ધૈવત શુકલએ કહ્યું કે શબ્દોથી આગળ કશું જ નથી અને શબ્દોથી વિશેષ પણ કંઈ જ નથી. "મંત્રોચ્ચાર" વાંચતા આપણને એક નવી જ દુનિયાની અનુભૂતિ થાય છે. ત્યારબાદ મહેમાનોનું પુસ્તકથી સ્વાગત ડૉ. કિરીટ શુકલ, સંજય થોરાત, ડૉ કમલેશ પરમાર અને અરવિંદ ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક વક્તવ્યમાં માધવ રામાનુજે જણાવ્યું કે સર્જનમાં કંઈક એવું છે કે કવિને લખવા પ્રેરે છે. આજે કવિતા લખાય છે, વંચાય છે પણ છપાય છે ત્યારે એ ખુબ આનંદ આપે છે. કનૈયાલાલ સાથે મારો નાતો ખુબ વર્ષો પહેલાનો છે. પણ એમની કવિતામાં લય છે. છંદની સમજણ છે અને ખાસ તો એમાં કવિતા છે. આ પ્રસંગે કવિ ચિનુ મોદીએ જણાવ્યું કે કનૈયાલાલ ગઝલમાં ગીત લખે છે એને ગીત વધુ પસંદ છે. આજે જે કવિઓને નથી આવડતું એ અક્ષરમેળ છંદમાં કનૈયાલાલ વસંતતિલકામાં ગઝલ લખે છે. મને લાગે છે કે જ્યાં રાજકારણ સિવાય કશું જ ના હોય ત્યાં કવિતાકારણ ક્યાંથી હોય ? કદાચ ભવિષ્યમાં ગાંધીનગરના કવિઓ ઉપર પીએચ.ડી પણ થશે.

અકાદમીના અધ્યક્ષ અને કવિશ્રી ભાગ્યેશ જહાએ કનૈયાલાલ ભટ્ટના કાવ્યગ્રંથ "મંત્રોચ્ચાર" વિશે ખુબ ઊંડાણ અને અભ્યાસ પૂર્વકના પોતાના વક્તવ્યમાં કહ્યું કે કનૈયાલાલનું બહું જુદું વ્યક્તિત્વ છે, સાહિત્યમાં એમનું ખેડાણ ઊંડું છે.

મંત્રોચ્ચારના કવિ કનૈયાલાલ ભટ્ટે પોતાના પ્રતિભાવમાં તેમના કાવ્યગ્રંથના શીર્ષક "મંત્રોચ્ચાર"ના સંદર્ભે જણાવ્યું કે મંત્રોચ્ચારથી વાતાવરણ શુદ્ધ બને છે. તો આ મારા શબ્દોના મંત્રોચ્ચારથી આજનું સાહિત્યિક વાતાવરણ શુદ્ધ બને એવી મારી ઈચ્છા છે.

કવિ રાજેન્દ્ર શુકલએ પ્રાસંગિક ઉદબોધનમાં સંસ્કૃતના મંત્રોચ્ચાર કરીને વાતાવરણને વૈદિક બનાવ્યું હતું. અંતે આભાર વિધિ જાણીતા સર્જક રાઘવજી માધડે કરી હતી. આ સમારોહનું સંચાલન "ગુજરાત" દીપોત્સવી અંકના સંપાદક પુલક ત્રિવેદીએ પોતાની પ્રેમાળ અને રસાળ શૈલીમાં કર્યું હતું.

આ સમારોહમાં કવિ કૃષ્ણ દવે, પ્રવિણ ગઢવી, ડૉ. કિરીટ શુકલ, હરદ્વાર ગોસ્વામી, મનીષ પાઠક, કિશોર જીકાદરા, ડૉ. ભગવાનદાસ પટેલ. ડૉ. કમલેશ પરમાર, અંજના બારોટ, અરવિંદ ટાંક, સંજય થોરાત, ભરત કવિ, પ્રજ્ઞા પટેલ, સલીમ શેખ, ડૉ. પ્રહલાદ ચૌધરી, પરિમલ દેસાઈ, હસમુખ ગોવાણી (ધ્રાંગધ્રા), ફિલ્મ અભિનેત્રી રીયા મહેતા, રક્ષા શુકલ, બિપિન પંડ્યા "ચિહન", કિરીટભાઈ ડગલી (સુરેન્દ્રનગર), મહેન્દ્ર પ્રજાપતિ, ભરત ત્રિવેદી, સંજય પુરોહિત, પિયુષ પટેલ તથા અનેક મહાનુભાવો તથા ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત

## સી ઍન આર્ટ્સ અને બી ડી કૉમર્સ કૉલેજ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

શ્રી ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત સી ઍન આર્ટ્સ ઍન્ડ બી ડી કૉમર્સ કૉલેજ, કડી ખાતે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના પરિપત્ર અનુસાર 'સ્વતંત્રતા પખવાડિયા'ની ઉજવણી અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૫ જેટલા વિદ્યાર્થીઓએ આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે ધવલ એ ડોડિયા, બીજા ક્રમે મેહુલ બી ઠાકોર તથા ત્રીજા ક્રમે આશિષકુમાર બી પટેલ અને મયુર જે પટેલ આવ્યા હતા. કૉલેજના આચાર્ય જી ડી ત્રિપાઠીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કલા કૌશલ્ય ધારાના કન્વીનર પ્રા. પાલીબેન અને હિરલ વિહોલે કર્યું હતું.

### ઈસ્કોન મંદિર, અમદાવાદ અને હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે

## જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૪

શ્રી રાધાગોવિંદ ધામ, ઈસ્કોન અમદાવાદમાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહામહોત્સવની ગુરુવારે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જન્માષ્ટમી મહોત્સવની શરૂઆત સવારે ૪.૩૦ વાગ્યે મંગળા આરતી, કીર્તન અને જપયજ્ઞથી કરવામાં આવશે. ગુરુપૂજા સહિત ભગવાનના નવા વાઘામાં તથા ફૂલબંગલામાં દર્શન સવારે ૮ વાગ્યે થશે. છપ્પનભોગ દર્શન, હિંડોળા દર્શન, અખંડ હરિનામ સંકીર્તન સમગ્ર દિવસ દરમ્યાન અવિરત ચાલુ રહેશે. મંચ પરના રાત્રિ કાર્યક્રમોનો સાંજે ૬.૦૦ વાગ્યાથી પ્રારંભ કરવામાં આવશે. ઉપ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાંજે ૮.૦૦ થી ૮.૩૦ વચ્ચે ઈસ્કોન મંદિર પધારશે તથા ભગવાનના દર્શન કરી આરતી ઉતારશે. આ ઉપરાંત અન્ય અતિથીઓ 'પદ્મશ્રી' ડૉ.કરસનભાઈ પટેલ (ચેરમેન-નીરમા), શંકરભાઈ પટેલ (પ્રમુખ-ગ્રીન સોસાયટી, વટવા), બીપીનભાઈ પટેલ (પ્રમુખ-ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી) તથા જયેશભાઈ ખાંડવાલા (ખાંડવાલા ગ્રુપ) ઉપસ્થિત રહેશે.

હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે પણ ગુરુ-શુક્રવારના રોજ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવનું મોટા પાયે આયોજન કરવામાં આવ્યું છે.

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ ભક્તો માટે ઘણા આકર્ષણો ધરાવે છે. તેમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી, નંદમહોત્સવ અને શ્રી વ્યાસપૂજા વિગેરે મહોત્સવના મુખ્ય આકર્ષણો ઉપરાંત અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાભિષેકમ, ઝૂલન ઉત્સવ પણ ભક્તોને શ્રધ્ધાભક્તિથી તરબોળ કરવા યોજાઈ રહ્યા છે.

## બાલમુકુંદ માધવ ગોવિંદ 'શામળા ગિરધારી'







કલા ગુર્જરી, ગાંધીનગર દ્વારા આયોજિત 'શામળા ગિરધારી' કાર્યક્રમ શ્રોતાઓ માટે અવિસ્મરણીય બની રહ્યો.

આ કાર્યક્રમ શ્રીકૃષ્ણ સાથેની મીઠી ગોઠડી હતી, જેની પ્રસ્તુતિ ખ્યાત સ્વરકાર અમિત ઠક્કર, દિપ્તી દેસાઈ, રાગ મહેતા, અર્ચિત પાટડિયાના સથવારે કરી હતી. કાર્યક્રમનું રસદર્શન કાજલ ઓઝા વૈદ્ય દ્વારા પોતાની વિશિષ્ટ શૈલીથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કલા ગુર્જરીના પ્રદીપસિંહ બિહોલાના સ્વાગતથી થઈ, ત્યારબાદ સંસ્થાના પૅટ્રન અને કલા મર્મજ્ઞ મહેન્દ્ર ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું. એ જ દિવસે પ્રમુખસ્વામી મહારાજના પાર્થિવ દેહને પંચ મહાભૂતમાં વિલિન કરવામાં આવ્યો હતો, એમને શ્રદ્ધાંજલિ આપવા પ્રેક્ષકોએ બે મિનિટનું મૌન પાળ્યું હતું. એ પછી અશોક ત્રિવેદીએ સૌનો આભાર માની કલાકારોને કાર્યક્રમ પ્રસ્તુત કરવા નિમંત્ર્યા હતા.

દિપ્તીના કંઠે 'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા...'થી કાર્યક્રમની શરૂઆત થઈ. એ પછી તરત જ 'કરાર વિન્દેન પદાર વિન્દં, મુખારવિન્દે વિનિવેશયન્તમ...' રજૂ કરી સૌ પ્રેક્ષકોને ભાવસમાધિમાં ડૂબાડી દીધા.

યુવા કલાકાર રાગ મહેતાએ 'મને પ્યારૂં લાગે પ્રભુ તારું નામ, તન મન ધન શ્રીજીનાં ચરણોમાં...', 'નાગર નંદજીના લાલ...' અને અર્ચિત પાટડીયાએ 'જય માધવ મદન મુરારિ' ગાઈ પોતાની પ્રતિભા પૂરવાર કરી દીધી.

પુનઃ દિપ્તીએ 'મારા વ્હાલાને વઢીને કહેજો જી...' કાઠિયાવાડી લહેકામાં રજૂ કર્યુંને મીરાંની પંક્તિઓ 'પલક ન લાગે મોરી શ્યામ બિના' શાંત અને મધુર સ્વરમાં ગાઈ સમગ્ર ઑડિટોરિયમમાં એક સભર ખાલીપો સર્જી દીધો.

આવી સુંદર રચનાઓ એ પછી કાર્યક્રમમાં રજૂ થતી જ રહી : રંગ દે ચુનરિયા, કાન તારી મોરલીએ, ખમ્મા મારા નંદજીના લાલ, આલા લીલા વાંસળિયા રે, રૂડીને રંગીલી રે વહાલા તારી વાંસળી, મનો કારો-કારો જમુનાજીને પાણી લાગે, કંઈક ચોમાસા અને વરસાદ રાધા, મારી હૂંડી સ્વીકારો મહારાજ, મધુરાષ્ટકમ, આજ બંગલે મેં ઘુંઘરુ બાજે, અમે મહિયારા રે ગોકુળ ગામના, હરિ હરિ તે વનનો મોરલો, લટકે હાલો ને નંદલાલ, મોરપિચ્છની રજાઈ ને મોરલીનાં સૂરોનાં ઓશિકાં પર વ્હાલમ, દઢ ઈન ચરનન કેરો ભરોસો આમાં સામેલ હતાં.

અમિત ઠક્કરનું સંપૂર્ણ કૌશલ્ય અને દિપ્તીના અવાજ, યુવા કલાકારોના સંગમાં કાજલજીના કૃષ્ણના રસપાને કાર્યક્રમ શ્રોતાઓ માટે એક આહ્લાદક અનુભૂતિ જેવો બની રહ્યો.

-અશોક ત્રિવેદી

## વિદ્યાર્થિનીઓએ વીર જવાનોને પત્ર લખ્યા



ગાંધીનગર, તા. ૨૪

ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના રંગકલા કૌશલ્ય દ્વારા સ્વતંત્રતા દિવસના ઉપલક્ષ્યમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલયના પરિપત્ર અનુસાર વીર જવાનોને શુભેચ્છા પત્ર લેખન તથા 'આઝાદીની લડતનો ઈતિહાસ' વિષયે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજની ૨૭ જેટલી વિદ્યાર્થીનીઓએ વીર જવાનોને શુભેચ્છા માટેના પત્રલેખનમાં ભાગ લીધો હતો અને ૩૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે દેવાંશી ગજ્જર, દ્વિતિય ક્રમે છાયા પી પટેલ, તૃતિય ક્રમે ઉર્વશી બી શર્માનાં નામ જાહેર થયાં હતાં. રંગકલા કૌશલ્યધારાના કો-ઓર્ડિનેટર પ્રા. વર્ષાબેન સી બ્રહ્મભટ્ટ કમિટીના સભ્ય ડૉ. વંદનાબેન ઠક્કર, નિર્ણાયક ડૉ. સંગીતાબેન આચાર્ય તથા પ્રા. હરસુખભાઈ પરમારના સહયોગથી કૉલેજનાં આચાર્ય ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.